# વડોદરા મહાનગરપાલિકા

## એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ

## જાહેર નોટીસ

### MMGY/PMAY આવાસ યોજના હેઠળ ફાળવેલ આવાસના લાભાર્થી ફાળાની બાકી રકમ જમા કરાવવા બાબત.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા **MMGY/PMAY** આવાસ યોજના હેઠળ **EWS- (૧) સયાજીપુરા-** સત્યમ પાર્ટી પ્લોટની પાછળ, પાણીની ટાંકી તરફના રસ્તે, ઓમ સાંઇ રેસીડેન્સીની બાજુમાં (૨) ગોત્રી- ચંદ્રમૌલેશ્વરનગરની બાજુમાં, ગોત્રી પાણીની ટાંકી પાછળ **(૩)તાંદલજા-** શુભમ પાર્ટી પ્લોટની આગળ જતા, **(૪)હરણી-**અંબે વિધાલયની બાજુમાં **LIG- (૫)સયાજીપુરા-**ખોડિયાર નગર ચાર રસ્તાથી સયાજીપુરા પાણીની ટાંકી તરફ, રુદ્રાક્ષ ફ્લેટની સામે **(૬)અટલાદરા-** અક્ષરચોક બ્રીજ પાસે, સાંકેત હાઇટ્સથી આગળ, પ્રમુખ સ્વામી હોસ્પિટલ બાજુમાં **(૭)તાંદલજા-** તાંદલજા સનફાર્માની પાછળ, સિલ્વર સ્ટોન રેસીડેન્સીની બાજુમાં, **(૮)માંજલપુર-** લક્ષ્મીકૃપા સોસાયટીની સામે, **(૯) હરણી-** સિગ્નશ સ્કુલની પાછળ **(૧૦)ગોત્રી-** ગોત્રી તળાવની પાસે, પેસીફીક બ્લ્યુની સામે અને પ્રત્યુશા ડુપ્લેક્ષની બાજુમાં **(૧૧)વાસણા રોડ-** વાસણા રોડ જકાતનાકાથી ગામ તરફ જતા **MIG- (૧૨)વાસણારોડ-**સોહમ બંગ્લોઝની સામે **(૧૩) સમા-**અવસર પાર્ટી પ્લોટની પાસે, શ્રી ગણેશ ટીમ્બરમાર્ટની સામે, ચાણક્યપુરી ચાર રસ્તાથી કેનાલ તરફ જતાના સરનામે આવાસો મેળવવા માટે આપ લાભાર્થીઓ ધ્વારા અરજી કરતા, વડોદરા મહાનગરપાલિકા તરફથી આવાસની પ્રોવિઝનલ ફાળવણી કરવામાં આવેલ છે. આ યોજનાના લાભાર્થીઓ ધ્વારા આજદીન સુધી ફાળવેલ આવાસની બાકી રહેતી રકમ જમા કરાવેલ નથી. જેથી આવા લાભાર્થીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની થાય છે. **લાભાર્થીઓને ફાળવેલ આવાસ અને બાકી રકમની યાદી વડોદરા મહાનગર**પાલિકાની વેબ સાઈટ- www.vmc.gov.in પર અને રાવપુરા ઓફીસે પ્રદર્શીત કરેલ છે. **તેમજ સદર લાભાર્થીઓને સુનાવણી માટે ડે. મ્યુનિ. કમિશનર (જ) સમક્ષ તા.૨૯.૦૫.૨૩ તેમજ તા.૩૦.૦૫.૨૩ના રોજ વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ, રાવપુરા કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.** આ યાદીમાં જણાવેલ લાભાર્થીઓએ બાકી રહેતી રકમ તા.૧૫.૦૬.૨૦૨૩ સુધીમાં ભરપાઇ કરવા સદર જાહેર નોટીસથી જણાવવામાં આવે છે. સદર રકમ ભરપાઇ ન થયેથી હવે પછી કોઇપણ જાણ કર્યા સિવાય આપને ફાળવેલ આવાસને રદ કરવામાં આવશે, અને આ બાબતે ત્યારબાદ આપની કોઇ રજુઆત માન્ય રાખવામાં આવશે નહીં. જેની ગંભીર નોંધ લેશો.

પી.આર.ઓ.નં.૧૮૩ /૨૩-૨૪ — મ્યુનિસિપલ કમિશનર